ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

**<u>અખબારી યાદી</u>** તા:૦૯/૦૮/૨૦૧૫

પ્રતિ,
તંત્રીશ્રી,
................................, ભાવનગર.

### કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા

## નેશનલ સાયન્સ સેમિનાર–૨૦૧૬ ૧૩મી ઓગષ્ટે યોજાશે.

દરવર્ષે નેશનલ કાઉન્સિલ ઓન સાયન્સ મયૂઝિયમ દ્વારા વિજ્ઞાન સંબંધિત વિવિધ વિષયો પર કાર્યક્રમો યોજવામાં આવે છે. આ કાર્યક્રમોનો મુખ્ય હેતુ શાળાઓના વિદ્યાર્થીઓની વૈજ્ઞાનિક ક્ષમતાને બહાર લાવવાનો છે. જેના ભાગરૂપે આ વર્ષે નેશનલ સાયન્સ સેમિનાર–૨૦૧૬નું આયોજન ગુજરાતમાં પ્રથમ જિલ્લા કક્ષાએ ત્યાર બાદ રાજય કક્ષાએ થનાર છે.

**જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા જીલ્લા કક્ષાના <u>સાયન્સ સેમિનારનું આયોજન તા.૧૩ ઓગષ્ટ, ૨૦૧૬ શનિવારના રોજ સવારે ૯:૦૦ થી ૪:૦૦ દરમિયાન મેડીકલ કોલેજ, એસ.ટી.બસસ્ટેન્ડ પાછળ, ભાવનગર</u> ખાતે થનાર છે.**

**સેમિનારની વિગતો :**

<u>સેમિનારનો વિષય</u> : **"Pulses for Sustainable Food Security : Prospects and Challenges"**
"ટકાઉ ખાદ્ય સુરક્ષા માટે કઠોળ : શકયતાઓ અને પડકારો"

**<u>રજુઆતની ભાષા</u>** : ગુજરાતી, હિન્દી અથવા અંગ્રેજી.

**<u>રજુઆતનો સમય</u>** : સ્પર્ધકે પોતાના વિષયની રજુઆત વધુમાં વધુ ૬ મીનીટ સુધી કરવાની રહેશે.
ત્યાર બાદ નિર્ણાયક દ્વારા ૩ પ્રશ્ન પુછવામાં આવશે.

નેશનલ સાયન્સ સેમિનાર–૨૦૧૬માં પ્રાથમિક વિભાગમાંથી ધો.૮નો એક (૧) વિદ્યાર્થી તેમજ માધ્યમિક વિભાગમાંથી ધો. ૯ અને ૧૦ માંથી કોઈ એક (૧) વિદ્યાર્થી ભાગ લઈ શકશે.

આથી કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર પર નોંધણી કરાવેલ શાળાના શિક્ષક અને વિદ્યાર્થીએ ઉપરોકત તારીખ અને સ્થળે સ્પર્ધામાં હાજર રહેવા અનુરોધ છે. તેવું કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના સંચાલકશ્રીની યાદીમાં જણાવાયું છે.

Soshi

(હર્ષદ જોષી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.